# ધોરણ - 8 English

| LEARNING OUTCOMES | • LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN801 ચિત્રોના આધારે વાર્તાઓ વાંચી પોતાના શબ્દોમાં વાર્તા લખે છે. | • Story reading, telling and writing | • શિક્ષક નીચેની પ્રવૃત્તિઓ વ્યક્તિગત, જોડીમાં કે જૂથમાં કરવા માટે બાળકોને પ્રોત્સાહિત કરશે.<br>• શિક્ષક યોગ્ય આરોહ-અવરોહ યુક્ત અવાજમાં વાર્તા સંભળાવશે. વિદ્યાર્થીઓ લખેલી વાર્તા વાંચશે. વિદ્યાર્થીઓને જૂથમાં કાગળ આપી જૂથના દરેક સભ્ય વાર્તાનું એક એક વાક્ય મૌલિક રીતે લખશે. લખાયેલી વાર્તાઓ એકબીજા ગ્રૂપમાં બદલાવી ભૂલો શોધવા કહેશે. શિક્ષક પૂર્તતા કરશે. |
| EN802 સંકુલ સૂચનાઓ સાંભળે છે., વાંચે છે. અને તેનો પ્રતિભાવ આપે છે. | • Oral and written instructions | • શિક્ષક વિદ્યાર્થીઓને સાદી સૂચનાઓ સંભળાવશે. વિદ્યાર્થીઓ પ્રતિભાવ આપશે. ત્યાર બાદ શિક્ષક સંકુલ સૂચનાઓનો મહાવરો કરાવશે. જેમ કે ...Open your book and select one picture.એકશન સાથે કરી બતાવશે. (વિદ્યાર્થીઓને વ્યક્તિગત મહાવરો કરાવવો.) |
| EN803 અર્થપૂર્ણ સંદર્ભમાં આપેલા શબ્દો, વાક્યો અને પરિચ્છેદનું મુકવાચન કરે છે. | • Silent reading<br>• Comprehension and question-answer | • શિક્ષક યુનિટ કે સ્વાધ્યાયમાં આપેલા પરિચ્છેદ, સંવાદો, વર્ણનોનું મૂકવાચન કરાવશે. True/False, Yes/No પ્રકારના અને Wh પ્રશ્નો પૂછશે અને skimming અને scanning ની પ્રવૃત્તિઓ કરાવશે. |
| EN804 વાર્તા, પરિચ્છેદ અને કાવ્યને સમજી અર્થગ્રહણ કરે છે. | • Story completion | • શિક્ષક વાર્તા, કાવ્ય તેમજ પરીચ્છેદનાં અર્થગ્રહણ માટે મૂકવાચન કરાવશે,Whપ્રશ્નો પૂછશે.<br>• શિક્ષક વાર્તાની શરૂઆત કરશે અને તેને અધુરી છોડશે. આગળ વિદ્યાર્થીઓને ક્રમશઃ પૂર્ણ કરવા માટે એક એક વાક્ય બોલવા કહેશે.<br>• વાર્તાના ઘટના ક્રમની ગોઠવણી કરવાની પ્રવૃત્તિ કરાવશે. |
| EN805 ફકરાનું શ્રુતલેખન કરે છે. | • Punctuation, spelling and proper writing | • શિક્ષક સ્પષ્ટ-ઊંચા અવાજે અને પ્રમાણસરની ગતિથી પરિચિત ફકરાનું શ્રુતલેખન કરાવશે. (શ્રુતલેખન કરાવતી વખતે વચ્ચે કોઈક શબ્દ એકદમ ધીમા અવાજે બોલશે. વિદ્યાર્થીઓ આ શબ્દો સાંભળવા પ્રયત્ન કરી શ્રુતલેખન કરશે.)<br>• શ્રુતલેખન દરમિયાન કેટલાક શબ્દો lip movement થી પારખવા |

DRAFT

| LEARNING OUTCOMES | • LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | કહેશે.<br>• સંપૂર્ણ શ્રુતલેખન કરાવ્યા બાદ એ ફકરાનું પુન: વાચન કરાવશે અને ભૂલો સુધારવા જણાવશે. . |
| EN806 પરિચ્છેદમાંથી અતાર્કિક વિગતો તારવી અને તેને સુધારે છે. | • Vocabulary and sentence structure | • અતાર્તિક વિગતો તારવવા શિક્ષક જુદા જુદા વાક્ય patternsનાં ઉદાહરણો board પર નોધશે. આ patternsમાં ભૂલ સહિતના વાક્યો પણ નોધશે. વિદ્યાર્થીઓને તે ભૂલો સુધારી યોગ્ય patternsમાંલખવા કહેશે.<br>જેમ કે ...<br>❖ Monika did his homework. I will go to Bhuj yesterday.<br>• બાળકો ઉપરના પ્રથમ વાક્યમાંથી his ને બદલે her કરશે જ્યારે બીજા વાક્યમાં yesterday નાં સ્થાને tomorrow કરશે. |
| EN807 ઘટના તેમજ વાર્તાના પાત્રોની લાક્ષણિકતા, સ્થળો અને ઘટનાક્રમની વિગતો તારવે છે. | • Arranging the sentence in correct order | • શિક્ષક વાર્તા / ઘટનાની રજૂઆત કરશે. વિદ્યાર્થીને વાર્તાના સંદર્ભમાં પાત્ર વિષે પ્રશ્નો પૂછશે. વાર્તાની સંવાદ સ્વરૂપે નાટ્યાત્મક રજૂઆત કરાવશે. વાર્તાને ઘટનાક્રમમાં ગોઠવવાની પ્રવૃત્તિ કરાવશે. |
| EN808 ચિત્ર, ગ્રાફ, નકશા, વાર્તા અને પરીચ્છેદની વિગતોનું વર્ગીકરણ કરે છે. | • Graphs, map and table based information | • ગ્રાફ અને નકશો બતાવીને તેની વિગતો સંભળાવશે. વિગતોની ઓળખ કરાવશે. જૂથમાં વિગતોને વર્ગીકૃત કરવાનું કહેશે. |
| EN809 ઉલટ પ્રશ્નો (Inversion question) પૂછે. છે. અને તેવા પ્રશ્નોના જવાબ આપે છે. | • Modal auxiliaries(can, may, might, could, should, must), do, does, did, have, has, is, am, are, was, were | • શિક્ષક નીચેની પ્રવૃત્તિઓ વ્યક્તિગત, જોડીમાં કે જૂથમાં કરવા માટે બાળકોને પ્રોત્સાહિત કરશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને નીચેના જેવા ઊલટ પ્રશ્નો પૂછશે. જેમ કે..<br>❖ Teacher: Have you finished your work?<br>❖ Student: Yes / No<br>• આજ રીતે આગળ Yes, I have /No, I haven't અને પછીથી Yes, I have finished my work. / No, I haven't finished my work એવા જવાબો મેળવશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને pair work માં આવી પ્રવૃત્તિઓ કરાવશે. |

DRAFT

| LEARNING OUTCOMES | • LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN810 માહિતી મેળવવા Wh ( Who, Where, What, When, Why How many)પ્રશ્નો પૂછે. છે. અને તેવાં પ્રશ્નોના જવાબ આપે છે. | • Wh. questions and answer | • શિક્ષક વિદ્યાર્થીઓને wh-questions પૂછશે અને તેના જવાબો વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવા કહેશે. જેમ કે....<br>❖ Teacher: What have you written in your book?<br>❖ Student: Important points. / I have written important points. |
| EN811 વ્યાવહારિક અને નાટકીય સંવાદ કરે છે. | • Dialogue and skit | • શિક્ષક વિદ્યાર્થીઓની મદદથી રોલ પ્લે કરશે. જેમાં inquiry counter પરની પૂછપરછ, સેલીબ્રીટીનો ઈન્ટર્વ્યું, બજારની ખરીદી જેવી પરિસ્થિતિ હશે. વિદ્યાર્થીઓ સંવાદોના સાંભળ્યા બાદ જૂથમાં સંવાદો રચશે. શિક્ષક તરફથી દરેક જૂથમાં જુદી જુદી પરિસ્થિતિ આપવામાં આવશે. તૈયાર થયેલા સંવાદોની જૂથ દ્વારા વર્ગ સમક્ષ રજૂઆત કરવામાં આવશે. |
| EN812 પોતાના ગમા, અણગમા અને લાગણીઓને સંવાદમાં દર્શાવે છે. | • Likes & Dislikes<br>• Dialogues | • શિક્ષક પોતાને ગમતી બાબતો વિશે વર્ગ સમક્ષ રજૂઆત કરશે. તે ધ્યાને લઈને વિદ્યાર્થીઓ પણ એ મુજબ પોતાને ગમતી બાબતોને વર્ગ સમક્ષ રજૂ કરશે. જેમ કે..<br>❖ A: Do you like.. ?<br>❖ B: Yes, I like..<br>• શિક્ષક અણગમા વિશે રજૂઆત કરશે. બાળકો પણ તે મુજબ પોતાના અણગમા વિષે કહેશે. જેમ કે... No, I don't like dirty places.<br>• આગળ વધીને શિક્ષક બાળકોને જોડીમાં આ પ્રવૃત્તિ સંવાદ દ્વારા કરાવશે. |
| EN813 લોનવર્ડ્સ સહીત આશરે 800 જેટલા નવા શબ્દો જાણે છે. અને તેનો ઉપયોગ કરે છે. | • Word Building, unfamiliar word, use of word in the sentence | • શિક્ષક શબ્દભંડોળ માટે વિવિધ રમતો જેવી કે bingo, word chain, add on રમાડશે. જરૂર જણાય ત્યાં શબ્દકોશની પ્રવૃત્તિઓ કરાવશે. શબ્દકોશમાંથી શોધેલ નવા અને શીખેલા શબ્દોને વાક્યમાં પ્રયોજશે. શબ્દકોશનાં ઉપયોગની અન્ય પ્રવૃત્તિઓ કરાવશે. |
| EN814 અપરિચિત વ્યક્તિઓનો સામાન્ય પરિચય મેળવે છે અને આપે છે. | • Introducing unfamiliar person | • શિક્ષક મહાન વ્યક્તિઓના ફોટા બતાવી તેનો પરિચય આપશે. આ જ ફોટાનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને તેનો પરિચય આપવા કહેશે. |

DRAFT

| LEARNING OUTCOMES | • LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | વિદ્યાર્થીઓ જોડીમાં પ્રવૃત્તિઓ કરશે. આ રીતે વિવિધ વ્યવસાયકારો, મિત્રો, બીજા વર્ગના વિદ્યાર્થીઓના પરિચય પણ આપવા કહેશે. |
| EN815 પોતાના પરિચિત ક્ષેત્રમાં બનતી ક્રિયા અને બનેલા પ્રસંગોની ટૂંકમાં રજૂઆત કરે છે. | • Description in written form | • શિક્ષક બાળકોને જૂથમાં વહેંચીને શાળામાં બનતી ઘટનાઓની રજૂઆત અંગ્રેજીમાં કરાવશે. જેવી કે....પ્રાર્થનાસભા, રમત-ગમત, વિવિધ દિનની ઉજવણી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરે. |
| EN816 વાચન અને ઉચ્ચાર વચ્ચેનો સંબંધ તારવે છે. | • Pronunciation and their meaning | • શિક્ષક વિદ્યાર્થીને એક સરખા ઉચ્ચારવાળા શબ્દોનું વાંચન કરાવશે. જેમ કે..<br>❖ kite, right : why, I, buy...વર્ણાનુપ્રાસની પ્રવૃત્તિ પણ કરાવી શકાય.<br>❖ Riya reads the Ramayan. She sells seashell at the sea shore. |
| EN817 ભવિષ્યની સંભાવનાઓ અને આયોજનોનું વર્ણન કરે છે. | • Describing planning | • શિક્ષક હવે પછીના અઠવાડિયામાં કરવાની વિવિધ પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરશે અને બાળકોને તેના વાક્ય બનાવીને રજૂ કરવા કહેશે. જેમ કે...<br>❖ we will play game on Monday. પ્રવાસ, પર્યટન, ઉજવણી, આગામી દિવસોની દિનચર્યા, પોતે શું બનવા ઈચ્છે છે. વગેરે વિશે વર્ગ સમક્ષ રજૂઆત કરશે. |
| EN818 સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ અંગ્રેજી વાંચે છે. | • Reading authentic materials | • wrapper, bill, ticket, table, graph, box, bag, visiting card, યંત્રો અને ઉપકરણનો ઉપર લખેલ માહિતી અને સૂચનાઓ, જાહેરાત, sign board વગેરે જેવા authentic material બાળકોને આપીને તેના વિષે લેખિત અને મૌખિક એમ બંને પ્રકારના પ્રશ્નો પૂછશે. |
| EN819 પત્ર, ઈ-મેલ લખે છે. અને તેનો જવાબ આપે છે. | • Written Communication<br>• Letters, e-mail | • શિક્ષક આમંત્રણપત્ર, આભારપત્ર, માંગણીપત્ર (ઉછીની પેન, ડિકશનરી વગેરે), વિનંતીપત્ર, અભિનંદનપત્ર, ખબર-અંતર પૂછાતા પત્રો, પ્રવાસ મુલાકાતોની માહિતી આપતાં પત્રો, કરેલ પ્રવૃત્તિઓની વિગતો દર્શાવતા પત્રો વગેરે જેવા પત્રોનાં ઉદાહરણ પૂરા પાડશે. |

DRAFT

| LEARNING OUTCOMES | • LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | ત્યારબાદ તે વર્ગમાં વિદ્યાર્થીની જોડી બનાવીને તે જોડી વચ્ચે આવા પત્ર વ્યવહારનો role play કરાવશે. આ જ રીતે બાળકો જોડીમાં e-mail દ્વારા પત્રવ્યવહાર કરશે. |
| EN820 પુસ્તકાલયમાંથી વાર્તાના પુસ્તકો, બાળ સામયિકો, વર્તમાન પત્રો વાંચે છે અને ઈન્ટરનેટ નો ઉપયોગ કરે છે. | • Use of library and internet | • શિક્ષક વાર્તાના પુસ્તકો, સામયિકો, વર્તમાન પત્રો, ઈન્ટરનેટ પરની માહિતી વગેરે વિદ્યાર્થીને વાંચવા આપશે ત્યારબાદ તે વાંચેલી વિગતોનો સારાંશ લખવા કહેશે અને વિદ્યાર્થીઓ દ્વારા વર્ગ સમક્ષ રજૂ કરાવશે. જરૂર જણાય ત્યાં વ્યક્તિગત માર્ગદર્શન આપશે. |
| EN821 ટેબલ, ગ્રાફ, નકશા, કાર્ડ, ફોર્મની માહિતીને પરિચ્છેદ સ્વરૂપે લખે છે. | • Information transfer | • શિક્ષક ટેબલ, ગ્રાફ, નકશા, કાર્ડ, અને ફોર્મ વર્ગ સમક્ષ રજૂ કરશે. વિદ્યાર્થીઓને તે વિગતને આધારે brain storming ની પ્રવૃત્તિ કરાવી વિગતોની board પર નોધ કરશે. બાળકોને તે વાક્યો ફકરા સ્વરૂપે લખવા કહેશે. |
| EN822 પોતાના પર્યાવરણની સંદર્ભિત બાબતોની તુલના કરી રજૂઆત કરે છે. | • Comparison | • શિક્ષક ચિત્ર, વસ્તુ, વ્યક્તિઓ વગેરેનો ઉપયોગ કરીને તેમની તુલના કરશે. જેમ કે....<br>❖ Bus is bigger than car.<br>❖ Cow is smaller than elephant.<br>❖ Blue whale is the biggest animal in the world.<br>• આવી તુલના બાળકો દ્વારા કરાવશે. |
| EN823 કાર્યકારણ સંબંધો રજૂ કરે છે. | • Linking words for Cause and Effect<br>❖ e.g. because | • શિક્ષક આપેલા ઉદાહરણ પ્રમાણે કાર્ય કારણની જોડી બનાવશે. Swapnil is happy. He won the match. તેના પરથી પ્રશ્ન પૂછશે. જેમ કે .....<br>❖ Why is Swapnil happy?<br>❖ Swapnil is happy because he won the match.<br>• બાળકો પાસે આ પ્રકારના વાક્યો બનાવડાવશે.<br>• પાઠ્યપુસ્તકમાંથી આવા વાક્યોને શોધવા કહેશે. |
| EN824 વાક્યોને અને વિગતોને and અને but વડે જોડે છે. | • Use of conjunctions | • શિક્ષક વિદ્યાર્થીઓને એક વાર્તા આપીને તેમાં આવતા and, but જેવા |

DRAFT

| LEARNING OUTCOMES | • LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
| --- | --- | --- |
| | • And, but | શબ્દોવાળા વાક્યો અલગથી નોધવા કહેશે. હવે આવા શબ્દો વાપરી શકાય તેવા વાક્યોને રજૂ કરીને તેને આવા શબ્દો વડે જોડવા કહેશે. જેમ કે..<br>❖ Mina is a doctor. Tina is a doctor.<br>❖ Mina and Tina are doctors.<br>• આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને વધુ મહાવરો આપશે. |
| EN825 શબ્દકોશનો ઉપયોગ કરે છે. | • Use of Dictionary | • શિક્ષક બાળકોને અપરિચિત શબ્દો આપીને તેને શબ્દકોશમાંથી શોધવા કહેશે. બાળકોને શબ્દોના શબ્દભેદ વિશે માહિતી આપશે. |
| EN826 પોતાને ગમતી વસ્તુઓ, પ્રાણીઓ, પક્ષીઓ, પસંદ-નાપસંદ સહિતની પોતાની લાગણીઓને વ્યક્ત કરે છે. | • Like Dislike | • શિક્ષક વાર્તા ઘટનાની રજૂઆત કરશે. વાર્તા ઘટનાના સંદર્ભે પાત્રોની ગમતી કે ન ગમતી બાબતો અંગે પ્રશ્નો પૂછશે. પાત્રોના સ્થાને પોતે હોય તો પોતે શું કરત? જેવા પ્રશ્નો પૂછશે.જેમ કે..<br>❖ I like sweet taste but I don't like bitter taste. |
| EN827 ચિત્ર કે વસ્તુઓનું ફકરા સ્વરૂપે વર્ણન કરે છે. | • Description | • શિક્ષક જુદાજુદા ચિત્ર અથવા વસ્તુને સંબંધિત શબ્દો આપશે. આ શબ્દોનો ઉપયોગ કરીને પરિચ્છેદ લખવા કહેશે. પરિચ્છેદની વર્ગ સમક્ષ રજૂઆત કરાવશે. |
| EN828 શબ્દો, શબ્દસમુહો, અન્ય માહિતી પરથી પરિચ્છેદ લખે છે. | • Paragraph Writing | • શિક્ષક વિદ્યાર્થીને કોઈ એક વિષયને લગતી ચર્ચા કરાવીને તેને લગતા શબ્દો board પર લખશે. આ શબ્દોની મદદથી વાક્યો બનાવીને ફકરો લખશે. ( પ્રાણી, પક્ષી, તહેવાર, સ્થળ વગેરે) |
| EN829 વાર્તા અહેવાલ કે વર્ણન લખે છે. | • Report Writing | • શાળામાં થયેલ ઉજવણીનો અહેવાલ જૂથ પાડીને તૈયાર કરાવશે.<br>• જરૂર જણાયે માર્ગદર્શન આપશે.<br>• તૈયાર થયેલા અહેવાલની રજૂઆત કરશે. |
| EN830 Rhymes, Action Songs ગાઈ અને તેને આગળ વધારી શકે છે. | • Composition and recitation of rhymes and songs. | • શિક્ષક rhyme/action song ગવડાવશે. Action song/Rhyme ને અંતે વિદ્યાર્થીઓ પાસેથી તેને આગળ વધારવા માટે જોડીમાં કામ કરવાનું કહેવામાં આવશે. જોડીમાનો એક વિદ્યાર્થી અનુરૂપ શબ્દ આપશે. બીજો વિદ્યાર્થી rhyme / action song ને આગળ વધારશે. |

DRAFT

| LEARNING OUTCOMES | • LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN831 અધુરી વાર્તાના વિકાસ માટે આગળની ઘટનાઓ રજૂ કરે છે. અથવા આપેલા વિકલ્પોમાંથી વિકલ્પ પસંદ કરી તેનો અંત રજૂ કરે છે. | • Story completion | • શિક્ષક એક વાર્તાની શરૂઆત કરી તેને અધૂરી છોડી દેશે. વિદ્યાર્થીઓના જૂથ બનાવી તેમને એક કાગળ આપશે. જૂથનો દરેક વિદ્યાર્થી વાર્તાના આગળના ક્રમ માટે એક એક વાક્ય નોધશે અને એ રીતે વાર્તા પૂર્ણ કરશે. પૂર્ણ કરેલ વાર્તા વર્ગ સમક્ષ રજૂ કરશે. |
| EN832 વાર્તા, ઘટનાઓ, પાત્રોની અદલા-બદલી કરી તેને નવીન સ્વરૂપે રજૂ કરી શકે છે. | • Story composition | • શિક્ષક વિદ્યાર્થીને સૌપ્રથમ વાર્તા કહેશે. તે વાર્તામાં આવેલા પાત્રો પોતે વાર્તા કહેતા હોય તેવી રીતે શિક્ષક રજૂઆત કરશે.<br>• બાકીના પાત્રોની વાર્તા વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવશે. (ફેરીયાવાળી વાર્તામાં ફેરીઓ વાર્તા કરતો હોય અથવા ટોપી પોતે વાર્તા કહેતી હોય તે મુજબ રજૂઆત કરી શકાય...Change the text)<br>• આ ઉપરાંત તેમાં આવતા પાત્રો, સ્થળ, સમય, ઘટના વગેરેને બદલી શકાય. |

DRAFT